# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-01-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર હેમાંગિની સોનારા વાંચે છે.

*****************************************************

1) વર્ષ 2025-26 માં વાસ્તવિક કુલ ઘરેલુ ઉત્પાદન 7.4 ટકા વધવાનો અંદાજ.

2) ભારત માર્ગ નિર્માણમાં બાયો-બિટ્યુમેનનું વ્યાપારી રીતે ઉત્પાદન કરનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો.

3) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું , ભારત વેનેઝુએલામાં તાજેતરની સ્થિતિ અંગે ચિંતિત.

4) છત્તીસગઢના સુકમા જિલ્લામાં, 6 નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું.

5) રાષ્ટ્રીય રેકોર્ડ ધારક અને એશિયન ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક જીતનાર ભારતીય દોડવીર જિન્સન જોહ્નસને નિવૃત્તિ જાહેર કરી.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# GDP-GROWTH

ગયા નાણાકીય વર્ષ દરમિયાન 6.5 ટકાના વિકાસ દરની સરખામણીમાં 2025-26 માં વાસ્તવિક કુલ ઘરેલુ ઉત્પાદન (GDP) 7.4 ટકા વધવાનો અંદાજ છે. ચાલુ નાણાકીય વર્ષ માટે GDP ના પ્રથમ આગોતરા અંદાજ મુજબ , 2024-25 માટે GDP ના 187 લાખ કરોડ રૂપિયાથી વધુના કામચલાઉ અંદાજની સામે , ચાલુ નાણાકીય વર્ષમાં વાસ્તવિક GDP 201 લાખ કરોડ રૂપિયાથી વધુના સ્તર સુધી પહોંચવાનો અંદાજ છે.

આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના અનુસાર અંદાજિત વાસ્તવિક વૃદ્ધિમાં સેવા ક્ષેત્રની ઝડપી વૃદ્ધિ મુખ્ય ચાલકબળ હોવાનું જણાયું છે. મંત્રાલયે જણાવ્યું, આ નાણાકીય વર્ષ દરમિયાન પ્રસારણ ક્ષેત્ર સાથે સંબંધિત વેપાર , હોટલ, પરિવહન, સંદેશાવ્યવહાર અને સેવાઓમાં 7.5 ટકાનો વૃદ્ધિનો અંદાજ છે.

. . . .

# PM - NETANYAHU

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ સાથે ફોન પર વાત કરી અને આગામી વર્ષમાં ભારત -ઇઝરાયલ વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની રીતો પર ચર્ચા કરી.

પ્રધાનમંત્રી કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે શ્રી મોદીને ઇઝરાયલના પ્રધાનમંત્રીનો ટેલિફોન કોલ મળ્યો . બંને નેતાઓએ ભારત -ઇઝરાયલ વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે સહિયારી પ્રાથમિકતાઓ પર ચર્ચા કરી જે સહિયારા લોકશાહી મૂલ્યો, ઊંડા પરસ્પર વિશ્વાસ અને ભવિષ્યલક્ષી દ્રષ્ટિકોણથી સંચાલિત છે.

તેમણે આતંકવાદના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓ પ્રત્યે શૂન્ય -સહિષ્ણુતાના અભિગમનો પુનરોચ્ચાર કર્યો . બંને નેતાઓએ નવા વર્ષની શુભેચ્છાઓ પણ આપી.

. . .

# REV IICDEM- 2026

લોકશાહી અને ચૂંટણી વ્યવસ્થાપન પર ત્રણ દિવસીય ભારત આંતરરાષ્ટ્રીય પરિષદ-IICDEM -2026, 21 જાન્યુઆરીથી નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાશે. આ આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન ભારત આંતરરાષ્ટ્રીય લોકશાહી અને ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થા , IIIDEM દ્વારા કેન્દ્રીય ચૂંટણી પંચના નેજા હેઠળ કરવામાં આવી રહ્યું છે.

પરિષદ વિશે નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા , IIIDEM ના મહાનિદેશક રાકેશ વર્માએ જણાવ્યું, પરિષદનો વિષય સમાવિષ્ટ, શાંતિપૂર્ણ, સ્થિતિસ્થાપક અને ટકાઉ વિશ્વ માટે લોકશાહી છે.

(બાઇટ : RAKESH KUMAR VERMA)

. . . . . . . .

# GADKARI - BITUMEN

કેન્દ્રીય માર્ગ , પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું , ભારત માર્ગ નિર્માણમાં બાયો-બિટ્યુમેનનું વ્યાપારી રીતે ઉત્પાદન કરનાર વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે. બિટ્યુમેન એ હાઇડ્રોકાર્બનનું કાળું , ચીકણું મિશ્રણ છે. તે ક્રૂડ ઓઇલમાંથી મેળવવામાં આવે છે અને તેનો ઉપયોગ રસ્તાના નિર્માણમાં થાય છે.

નવી દિલ્હીમાં વૈજ્ઞાનિક અને ઔધોગિક સંશોધન પરિષદ- CSIR ટેકનોલોજી ટ્રાન્સફર સમારોહને સંબોધતા , શ્રી ગડકરીએ આ ઐતિહાસિક સિદ્ધિ માટે CSIR ને અભિનંદન આપ્યા. તેમણે કહ્યું કે આ પહેલ પરાળ બાળવાથી થતા પ્રદૂષણને ઘટાડવામાં મદદ કરશે.

. . . . . . . .

# NHAI - GUINNESS RECORD

રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ-NHAI એ છ-માર્ગીય બેંગલુરુ-કડપા-વિજયવાડા ઇકોનોમિક કોરિડોરના વાનાવોલુ -વણકરકુંટા સેક્શન પર બિટ્યુમિનસ કોંક્રિટ નાખવા માટે બે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ હાંસલ કર્યા છે.

આ રેકોર્ડમાં લગભગ 29 લેન કિલોમીટર, 24 કલાકમાં સતત બિટ્યુમિનસ કોંક્રિટ નાખવાનું સૌથી લાંબુ અંતર અને દસ હજાર મેટ્રિક ટનથી વધુ, 24 કલાકમાં સતત બિટ્યુમિનસ કોંક્રિટ નાખવાનો સૌથી મોટો જથ્થો સામેલ છે.

NHAI એ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે , 343 કિલોમીટર લાંબો બેંગલુરુ -કડપા-વિજયવાડા ઇકોનોમિક કોરિડોર કર્ણાટક અને આંધ્રપ્રદેશ વચ્ચે આંતર-રાજ્ય જોડાણને મજબૂત બનાવશે. તે ઝડપી, સુરક્ષિત અને અવિરત ગતિશીલતા દ્વારા વેપાર, પર્યટન અને પ્રાદેશિક આર્થિક વિકાસને પણ ટેકો આપશે.

. . . . . .

# REV JAISHANKAR - LUXEMBOURG

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું , ભારત વેનેઝુએલામાં તાજેતરની સ્થિતિ અંગે ચિંતિત છે અને તેમણે તમામ પક્ષોને દેશના લોકોની સુખાકારી અને સલામતી સુનિશ્ચિત કરવા વિનંતી કરી છે. ડૉ. જયશંકરે આજે લક્ઝમબર્ગમાં ભારતીય સમુદાયના સભ્યો સાથે વાતચીત કરતી વખતે આ વાત કહી. તેમણે રાજકીય, વ્યવસાયિક અને ટેકનોલોજી ક્ષેત્રોમાં લક્ઝમબર્ગ સાથે ભારતની ભાગીદારી ગાઢ બનવા પર પણ ભાર મૂક્યો.

તેમણે આતંકવાદી તાલીમ શિબિરો ચલાવવા બદલ પાકિસ્તાનની ટીકા કરી. તેમણે કહ્યું ઓપરેશન સિંદૂર દરમિયાન કેટલાક દેશોએ તણાવ પર ચિંતા વ્યક્ત કરી હતી પરંતુ તેઓ પોતાના ક્ષેત્રની સમસ્યાઓને અવગણે છે. યુરોપ સાથેના સંબંધો અંગે તેમણે કહ્યું, આ વર્ષે ભારતના યુરોપ સાથેના સંબંધોમાં સુધારો જોવા મળશે.

. . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . .

# EVE PRAGATI SPECIAL STORY

પ્રધાનમંત્રીના સક્રિય શાસન અને સમયસર અમલીકરણ માટેના મુખ્ય પ્લેટફોર્મ , પ્રગતિએ તેની 50મી બેઠકના સફળ આયોજન સાથે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સિદ્ધિ હાંસલ કરી છે.

વર્ષ 2015માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા તેની શરૂઆત થઈ ત્યારથી, પ્રગતિએ મુખ્ય માળખાગત પ્રોજેક્ટ્સ અને જાહેર ફરિયાદોનું વાસ્તવિક સમયનું નિરીક્ષણ અને નિરાકરણ સીધી પ્રધાનમંત્રી સમીક્ષા દ્વારા સક્ષમ કરીને શાસનમાં પરિવર્તન લાવ્યું છે. આજે, આ ખાસ શ્રેણીમાં , આપણે અરુણાચલ પ્રદેશમાં કામેંગ હાઇડ્રો ઇલેક્ટ્રિક પ્રોજેક્ટ અંગે સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : **દિપેન્દ્ર**)

. . . . . .

# CHHATTISGARH NAXALS

છત્તીસગઢના સુકમા જિલ્લામાં , આજે 26 નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું , જેમાં 13 નક્સલીઓ સામે 65 લાખ રૂપિયાનું સામૂહિક ઇનામ હતું. પોલીસ અધિક્ષક કિરણ ચવાણના જણાવ્યા અનુસાર , પૂના માર્ગેમ પુનર્વસન પહેલ હેઠળ , સાત મહિલાઓ સહિત કેડરોએ વરિષ્ઠ પોલીસ અને CRPF અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું.

ચવાણે ઉમેર્યું કે તેઓ પીપલ્સ લિબરેશન ગેરિલા આર્મી બટાલિયન , સાઉથ બસ્તર ડિવિઝન , માડ ડિવિઝન અને માઓવાદીઓના આંધ્ર ઓડિશા બોર્ડર ડિવિઝનમાં સક્રિય હતા અને છત્તીસગઢના અબુઝમાડ , સુકમા અને ઓડિશાના સરહદી વિસ્તારોમાં હિંસાની ઘણી ઘટનાઓમાં સામેલ હતા . આત્મસમર્પણ કરનારા તમામ નક્સલીઓને 50 હજાર રૂપિયાની સહાય આપવામાં આવી અને સરકારની નીતિ મુજબ તેમનું પુનર્વસન કરાશે.

. . .

# CBI-ARREST

કેન્દ્રીય તપાસ સંસ્થા- CBI ભાગેડુ અમનને અમેરિકાથી સફળતાપૂર્વક ભારત પરત લાવી છે . વિદેશ મંત્રાલય અને ગૃહ મંત્રાલયના સહયોગથી CBI અમનને ભારત પરત લાવવા સફળતાપૂર્વક સંકલન કર્યું.

સીબીઆઈએ જણાવ્યું હતું કે હરિયાણા પોલીસની ટીમે દિલ્હી એરપોર્ટ પર અમનને કસ્ટડીમાં લી ધો હતો. અમન ઉર્ફે અમન ભૈંસવાલ હત્યા , રમખાણો અને ગુનાહિત ષડયંત્ર સંબંધિત ગંભીર ગુનાઓમાં હરિયાણા પોલીસ દ્વારા વોન્ટેડ છે . તે એક કુખ્યાત ગુનેગાર અને લોરેન્સ બિશ્નોઈ ગેંગનો મુખ્ય સભ્ય છે.

તેની અગાઉ ભારતમાં ધરપકડ કરવામાં આવી હતી અને બાદમાં તેને જામીન મળતા તે ફરાર થઈ ગયો હતો. ત્યારે CBI એ હરિયાણા પોલીસની વિનંતી પર ઇન્ટરપોલ દ્વારા રેડ નોટિસ પ્રકાશિત કરાવી હતી.

. . . . . . . . .

# JOHNSON-RETIREMENT

રાષ્ટ્રીય રેકોર્ડ ધારક અને એશિયન ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક જીતનાર ભારતીય મધ્યમ અંતરના દોડવીર જિન્સન જોહ્ન્સને આજે નિવૃત્તિની જાહેરાત કરી . 34 વર્ષીય કેરળના આ ખેલાડીનું શ્રેષ્ઠ પ્રદર્શન 2018 જકાર્તા એશિયન ગેમ્સમાં 3 મિનિટ 44.72 સેકન્ડના સમય સાથે 1500 મીટરની દોડમાં સુવર્ણ ચંદ્રક જીતવાનો હતો. તેણે તે જ ગેમ્સમાં 800 મીટર દોડમાં રજત ચંદ્રક પણ જીત્યો હતો.

. . . . . . . . . . . . .

# PIPRAHWA EXPO

નવી દિલ્હીમાં ભગવાન બુદ્ધના પવિત્ર પિપ્રાહવા અવશેષોનું ભવ્ય આંતરરાષ્ટ્રીય પ્રદર્શન આજે જાહેર જનતા માટે ખુલ્લું મુકાયું . છ મહિના સુધી યોજાનારા આ પ્રદર્શન દરમિયાન , લોકોને અવશેષો વિશેની ઝલક અને માહિતી મળશે. "ધ લાઈટ એન્ડ ધ લોટસ: રેલીક્સ ઓફ ધ અવેકન્ડ વન" શીર્ષક ધરાવતું આ પ્રદર્શન ભગવાન બુદ્ધના ઉપદેશો સાથે દેશની સભ્યતાને ઉજાગર કરે છે . ગયા શનિવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આ પ્રદર્શનનું ઉદ્ઘાટન કરાયું હતું . આ પ્રદર્શન દરરોજ સવારે ૭ થી રાત્રે ૭ વાગ્યા સુધી ખુલ્લું રહેશે.

. . . . . . . .

# HC-DUSHYANT KUMAR

દિલ્હી વડી અદાલતે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને અંકિતા ભંડારી હત્યા કેસ સાથે ભાજપના નેતા દુષ્યંત કુમાર ગૌતમને જોડતી તમામ સોશિયલ મીડિયા પોસ્ટ 24 કલાકમાં દૂર કરવાનો નિર્દેશ આપ્યો.

ગૌતમ દ્વારા કરાયેલા માનહા નિના દાવા પર પસાર કરાયેલા વચગાળાના આદેશમાં, ન્યાયાધીશ મીની પુષ્કર્ણાએ બંને રાજકીય પક્ષોને હત્યા કેસમાં કથિત VIP તરીકે ભાજપના રાષ્ટ્રીય સચિવને લક્ષ્ય બનાવતી કોઈપણ સામગ્રી પોસ્ટ કરવાથી રોક્યા હતા.

. . . . . . . . .